**સુરતના ૧૪ મા અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગની કોર્ટમાં.**

ફોજદારી કેસ નં.૪૫૦૪૦/૨૦૨૧

આંક –

**ફરિયાદી :–** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :– ૨.પ્ર**શાંત સંતોષભાઈ પવાર

**<u>ગુન્હોઃ– ગુજરાત નશાબંધી અધિનિયમની ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબ</u>**

(૧) આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં દારૂની હેરાફેરી કરતા પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫(ઇ),૯૮(૨),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રૂબરૂ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપીને તહોમતનામુ ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને તે મતલબની કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતિના છે જેથી હળવી સજા કરવા રજૂઆત કરેલ છે.

(૩) આરોપી તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપીએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે. ગુજરાત નશાબંધી અધિનિયમની ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) માં ૩ વર્ષ સુધીની અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપી એવી રજુઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવામા આવે કેમ કે જો તેઓને વધુ સજા અને દંડ કરવામાં આવેશે તો તેઓના પરીવારજનોનું ભરણપોષણ

થઈ શકે તેમ નથી. આ કેસની હકીકત ધ્યાને લેતાં તેમજ આરોપી તરફે રજુ થયેલ દલીલો અને સ્વૈચ્છીક કબુલાતને પણ ધ્યાને રાખતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

આ કામના  આરોપી નં. ૨ ને ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ – ૨૪૧ અન્વયે  ગુજરાત નશાબંધી અધિનિયમની ૧૯૪૯ ની કલમ– ૬૫(ઈ),૯૮(૨),૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૨૦૦/–  નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન – ૦૨ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ ની કબુલાત  થઈ ગયેલ છે.

મુદામાલનો નિયમોનુસાર નાશ કરવો.

મુદામાલ રોકડ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં ન આવેલ હોય તો સદર મુદામાલને માલિકીની ખરાઈ કરી મુળ માલિકને સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા. ૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમા સ્પેશ્યલ સિટિંગ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરત.                                                  (પ્રખર ગૌતમ)
તા. ૦૯/૦૩/૨૦૨૪                  ૧૪ માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત.
જીજે૦૧૭૫૧